
**DATE: 04/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# ભરૂચમાં જુગાર રમતાં 4 જણા ઝડપાયાં

ભરૂચ । ભરૂચના નાગોરીવાડ વિસ્તારમાં નુરાણી બેકરી ગલીમાં જાહેરમાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની બાતમીના આધારે ભરૂચ બી ડિવિઝન પોલીસે દરોડો પડ્યો હતો. ટીમે જુગાર રમતાં ચાર ખેલીઓને ઝડપી પાડી 22 હજારનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે.

**DATE: 04/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# રાજપારડીમાં વાહનચાલકોને ટ્રાફિકના નિયમોની સમજ અપાઇ



**ઝઘડિયા** । રાજપારડી પોલીસ દ્વારા ધોરીમાર્ગ પરથી પસાર થતા વાહન ચાલકોને ગુલાબના ફુલો આપીને ટ્રાફિકના નિયમો અંગે જાગૃત કરાયા હતા પી.એસ.આઇ.કનુભાઇ મિર સાથે પોલીસ જવાનો તેમજ ટ્રાફિક બ્રિગેડના જવાનોએ વાહન ચાલકોને સમજણ આપીને જાગૃત બનવા અનુરોધ કર્યો હતો પોલીસે વાહન ચાલકોને જણાવ્યું કે ફોરવ્હિલ વાહન હંકારતી વખતે સીટ બેલ્ટ અવશ્ય બાંધવો,લાયસન્સ સાથે રાખવુ,બાઇક હંકારતી વખતે હેલ્મેટ પેહરવુ,વાહન હંકારતી વખતે મોબાઇલ ફોન ઉપર વાત નહિ કરવી,પાર્કીંગના સ્થળે વાહનો પાર્ક કરવા,ડ્રાઇવરોએ નિયમિત આંખોની તપાસ કરાવવી સહિતની બાબતોની સમજ આપવામાં આવી હતી.

**DATE: 05/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# રાજપારડીમાં 6 માસથી ફરાર આરોપીઓ ઝબ્બે

ઝઘડિયા | રાજપારડીમાં પશુ ઘાતકીપણાના નોંધાયેલા ગુનામાં નાસતા ફરતાં બે આરોપીને પોલીસે ઝડપી પાડયાં છે. પીએસઆઇ તથા સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બંને આરોપી વિશે બાતમી મળી હતી. નવી તરસાલી ગામના સિકંદર મલેક અને અબ્દુલ હક નવી તરસાલી ગામ પાછળ આવેલી નર્સરીમાં હોવાની માહિતી મળતાં પોલીસે દરોડો પાડી બંનેને ઝડપી પાડયાં છે. બંને આરોપી છેલ્લા 6 મહિનાથી પોલીસને ચકમો આપી નાસતા ફરતાં હતાં.

**DATE: 05/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અલગ અલગ સ્થળેથી ખેલીઓ બાઇક લઇને આવતાં હતાં

# ભરૂચની હરિઓમ સોસાયટીમાં જુગારના અડ્ડા પર દરોડો, 6 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની હરીઓમ નગર સોસાયટીમાં ઘરમાં જ જામેલી જુગારની મહેફિલ પર પોલીસે દરોડો પાડી 6 જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી રોકડા રૂપિયા 58 હજાર મળી કુલ 2.37 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, ભરૂચના નંદેલાવ વિસ્તારમાં જલારામ હોસ્પિટલ પાછળ આવેલી હરીઓમ નગર સોસાયટીમાં એક ઘરમાં જ કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે ઘર પર દરોડો પાડતાં મકાનમાં રહેતાં સુરેશ ઈશ્વર ભાગવાનીએ તેના સાગરિતો રવિન્દ્ર નાનુ માછી, હિમાંશુ કાંતી માછી, ભાવિન રમેશચંદ્ર રાણા, ધવલ અશોક મિસ્ત્રી તેમજ વિજય ચંદુ વસાવાને ઘરે બોલાવી જુગાર રમી રહ્યાં હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેમની પાસેથી અંગઝડતીના તેમજ દાવપર લાગેલાં મળી કુલ 58 હજાર રોકડાં, 6 મોબાઈલ તેમજ ત્રણ દ્વિચક્રિય વાહન મળી કુલ 2.37 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બનાવને પગલે ટીમે ઝડપાયેલાં તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 06/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

## નેત્રંગ નવીનગરીમાંથી બે છોડ મળ્યાં

# કડિયો રોજ ગાંજો ખરીદવાથી કંટાળ્યો, આખરે જાતે વાવી દીધો



ભાસ્કર ન્યૂઝ | વાલિયા

નેત્રંગના રાજપારડી રોડ પર આવેલી નવીનગરી ખાતે રહેતાં રણજીતસિંહ રાજે તેના ઘરના વાડામાં ગાંજાનો છોડ વાવેલો હોવાની ચોક્કસ બાતમી ભરૂચ એસઓજી હેકો ભાવસીંગને મળી હતી. જેના પગલે અન્ય સ્ટાફ સાથે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે રણજીતસિંહ રાજની ધરપકડ કરી તેના ઘરના વાડામાં તપાસ કરતાં તેણે ગાંજાના બે છોડ વાવેલાં હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં એક છોડ 9 ફૂટનો જ્યારે બીજો 11 ફૂટનો છોડ મળી આવ્યો હતો. તેમણે બન્ને છોડને મુળિયા સહિત ઉખેડી વજન કરતાં તેનું વજન કુલ 11.303 કિલો થયું હતું. એક કિલો ગાંજાની 10 હજારની કિંમતના આધારે કુલ 1.13 લાખનો ગાંજાનો જથ્થો જપ્ત કર્યો હતો. આરોપી પોતે કડિયાકામ કરે છે અને ગાંજાનો બંધાણી છે. રોજ ગાંજો ખરીદવાની ઝંઝટમાંથીછુટવામાટેજા તેજગાંજોવાવીદીધોહતો.

**DATE: 06/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# જંબુસરની શાળાના વિદ્યાર્થીઓને પોલીસ અધિકારીઓએ માર્ગદર્શન આપ્યું



**જંબુસર ।** નવયુગ વિદ્યાલય જંબુસરમાં પોલીસ અધિકારીશ્રી વિવેક મલ્હોત્રા સાહેબ તથા ટી. આર. મોદી સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને ગુડ ટચ, બેડ ટચ, પ્રોક્ષો, ટ્રાફિક જાગૃતિ ,વ્યસન, શૈક્ષણિક, સ્પર્ધાત્મક પરીક્ષા બાબતે વિસ્તૃંત માર્ગદર્શન આપી પોલિસ આપની મિત્ર છે તેમ જણાવ્યું હતું.શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ ઠાકોરે શરૂઆતમાં અધિકારીશ્રીઓને આવકારી પુષ્પગુચ્છ થી સ્વાગત કર્યુ હતું અને અંતે શાળા પરિવાર અને શાળા મંડળ વતી આભાર વ્યક્ત કર્યો હતો.

**DATE: 06/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# પાનોલી નજીકથી દારૂ સાથે 3 ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

નવીનગરીનો ઈમરાન ઉર્ફે મરઘી દીવાન પાનોલી જીઆઈડીસીમાં દારૂનો જથ્થો ખેપીયા પાસેથી લેવા આવ્યો હતો ત્યારે પોલીસે દરોડો પાડયો હતો.સોલ્વે કંપની પાસે શંકાસ્પદ રીકશા આવતાં તેને રોકી તલાશી લેવાઈ હતી જેમાંથી દારૂની 10 બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ તથા રીકશા મળી 24 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દારૂ આપવા આવેલાં વલસાડના ખેપિયા લલિત વર્મા સહિત કુલ 3 આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

**DATE: 06/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### રસ્તો રોકીને ઉભા રહેતાં લારીવાળાઓને પોલીસે હટાવ્યા, 4 લેનનો માર્ગ ખુલ્લો થયો

# અંકલેશ્વરની પ્રતિનથી વાલિયા ચોકડી સુધીના 1 કિમી વિસ્તારના દબાણો આખરે દૂર કરાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં જૂના નેશનલ હાઈવે પર પ્રતિનથી વાલિયા ચોકડી વિસ્તારમાં ઉભી રહેતી લારીઓ તથા ગલ્લાઓના કારણે ટ્રાફિકની સમસ્યા વિકટ બની હતી. ખાસ કરીને રોડ રોકીને ઉભી રહેતી લારીઓ તથા ખરીદી માટે આવતાં લોકોના આડેધડ પાર્કિંગના કારણે ટ્રાફિકની સમસ્યા વકરી રહી હોવાથી પોલીસે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરી છે. એક કિમીથી વધુના રોડ પર કરાયેલાં દબાણો હટાવી 4 લેનના રસ્તાને ખુલ્લો કરાયો હતો.

પ્રતિન ચોકડીથી વાલિયા ચોકડી સુધીના દબાણોને પોલીસે દૂર કર્યા હતા. માર્ગ પર પાર્ક કરતા વાહનો પણ લોક કરી ડિટેઈન કરી લેવામાં આવ્યાં હતાં. જૂનો નેશનલ હાઈવે હોવાના કારણે તથા નર્મદા મૈયા બ્રિજને કારણે



વાહનોની સંખ્યામાં વધારો થયો છે તેમાં ચાર લેનના રસ્તાની આસપાસ લારી અને ગલ્લાઓનો રાફડો ફાટી નીકળ્યો છે. આ ઉપરાંત આડેધડ રીતે પાર્ક કરી દેવાતાં અન્ય વાહનચાલકો હાલાકી ભોગવી રહયાં છે. પોલીસની કાર્યવાહીના પગલે દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો હતો.

**DATE: 06/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### વેરહાઉસમાં કોન્ટ્રાક્ટમાં કામ કરતા કર્મચારીઓની સંડોવણી

# ઝઘડિયાની અનુપમ રસાયણમાંથી રૂા.૨૪.૯૦ લાખના કેમીકલની ચોરી

## પોલીસે ચોરોને રૂા.૬ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા

। ઝઘડિયા ।

ઝઘડિયા જીઆઈડીસી પોલીસે અનુપમ રસાયણ કંપનીમાંથી ચોરી થયેલા રૂા.૨૪.૯૦ લાખના કેટલીસ્ટ નામના કેમિકલના ચોરોને ૬ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા બાદ કંપનીનો સંપર્ક કરતા કંપની સંચાલકો એ ચોરી ની ફરિયાદ નોંધાવી હતી.

અનુપમ રસાયણ કંપનીમાં પ્લાન્ટ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા વિજય રતનજીભાઈ પરમારે ફરિયાદ આપી છે કે તેઓએ ગત તા. ૯.૮.૨૩ ના રોજ કંપનીના પ્લાન્ટમાંથી ઉપયોગ થઈ ગયેલ ૬૮.૫ કિલો કેટલીસ્ટના ડ્રમ ભરી પ્લાન્ટના તાબામાં કામ કરતા વેરહાઉસના ઈન્ચાર્જને આપી આવેલ હતા. ત્યારબાદ તા.૨.૧૧.૨૩ના રોજ પ્લાન્ટ ઈન્ચાર્જ હાજર હતા ત્યારે ફોન આવ્યો હતો કે કેટલીસ્ટ ડ્રમના સીલ ડાઉટફૂલ લાગે છે. જેથી તપાસ કરતાં બંને કેટલીસ્ટ ડ્રમ કેબલ ટાઈપ સીલ નંબર સાથેના હતા તે બદલાયેલ જણાયા હતા અને તેમાંથી કુલ ૬૮.૫ કિલો જેટલું કેટલીક ચોરાયાનુ જાણ થઈ હતી, ત્યારબાદ સીસીટીવી કેમેરા ચેક કરતા ફૂટેજમાં કોઈ હકીકત જણાયેલ આવેલ નથી અને કોઈ ચોરી ઈસમો ચોરી કરી ગયા હોવાનું જણાઈ આવ્યું હતું.

અનુપમ રસાયણ કંપનીના સંચાલકોએ રૂ.૨૪.૯૦ લાખના કેમિકલની ચોરી થઈ હોવા છતાં પણ કોઈ પોલીસ ફરિયાદ નોંધાવી ન હતી. ગત તા.૨ના રોજ ઝઘડિયા જીઆઈડીસી પોલીસ દ્વારા ઝડપેલા કિશન વસાવા તથા પ્રદીપ વસાવા કંપનીના વેરહાઉસમાં કોન્ટ્રાક્ટમાં કામ કરે છે. પોલીસે બંને ઈસમો પાસેથી ૧૦ કિલો કેટલીસ્ટ જેની કિંમત રૂા. ૬ લાખના મુદ્દામાલ સાથે તેમને ઝડપી પાડ્યા હતા, જેથી કંપની સંચાલકોએ બંને સામે ફરિયાદ નોંધાવી છે.